# ચાલો ! એક ગૃહને દત્તક લઈએ

## એક ગૃહને દત્તક લો અને નાનાં બાળકોનાં જીવનને નંદનવન બનાવો

અમારું ધ્યેય બાળગૃહોમાં રહેતાં સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળાં બાળકોને સહાયરૂપ બનવાનું છે. આ બાળકો, જેઓ કંઈક અસુરક્ષિત છે અને જેમને સહયોગની જરૂર છે તેમને મદદ કરવા માટે જો આપણે સાથે મળીને કાર્ય કરીએ તો અશક્યને પણ શક્ય બનાવી શકીએ તેમ છીએ.

બાળગૃહોમાં રહેતાં બાળકોના જીવનમાં બદલાવ લાવવા માટે કાર્યરત એવાં આપણાં બાળગૃહો પૈકી એક ગૃહને તેનું ધ્યેય પરિપૂર્ણ કરવા માટેનું આ મિશન છે. **''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** કાર્યક્રમ હેઠળ કોર્પોરેટ ગૃહ / વ્યાવસાયિક ગૃહ / સંસ્થા અને વ્યક્તિઓ તરફથી સહયોગ ઉપલબ્ધ થાય તો તેમાં રહેતાં બાળકોના ભૌતિક, ભાવનાત્મક, બૌધ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસને આગળ ધપાવી શકાશે.

દરેક બાળક પોતાની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચે તે માટે તેને જરૂર છે - પ્રેમની અને હૂંફાળી સારસંભાળની.

મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

૨૭ એપ્રિલ, ૨૦૧૬

**મેનકા સંજય ગાંધી** **મંત્રી,**
મહિલા અને બાળ વિકાસ મંત્રાલય,
ભારત સરકાર, નવી દિલ્હી-૧૧૦૦૦૧

# સં દે શો

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે **''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** નામના કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે જેની અંતર્ગત કોર્પોરેટ ક્ષેત્ર, વ્યાવસાયિક ગૃહ અને વ્યક્તિઓને જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ હેઠળ રાજય સરકારો / કેન્દ્રશાસિત પ્રદેશો કે તેમના બિનસરકારી ભાગીદારો દ્વારા ચલાવવામાં આવતાં બાળગૃહોમાં નિવાસ કરતાં બાળકોને સહયોગ પૂરો પાડવા માટે આમંત્રિત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ પાછળની વિભાવના એવી છે કે બાળગૃહોમાં વસતાં બાળકોને, તેમની સમગ્ર સલામતી અને ક્ષેમકુશળતા માટે પ્રયાસો કરતી વખતે તેમને સ્વાતંત્ર્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં તકો અને સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું.

આવાં બાળગૃહો પૈકી એકાદ બાળગૃહમાં રહેતાં બાળકોના જીવનમાં બદલાવ આવી શકે તે કાર્ય પરિપૂર્ણ કરવા માટે કોર્પોરેટ ક્ષેત્ર અને વ્યક્તિઓને એક સફરયાન ઉપલબ્ધ કરવાનું અમારું મિશન છે. **'ચાલો ! એક ગૃહને દત્તક લઈએ'** એ કાર્યક્રમ અંતર્ગત સહયોગ ઉપલબ્ધ કરવાથી બાળકોના ભૌતિક, ભાવનાત્મક, બૌધ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસને આગળ ધપાવી શકાશે.

આ પહેલને કોર્પોરેટક્ષેત્ર એ વ્યક્તિઓ તરફથી સહયોગ પ્રાપ્ત થાય તેવી મારી અપેક્ષા છે; જેથી આજનાં ભુલકાંઓનું જીવન બદલી તેમને માટે ઉજ્જવલ આવતીકાલ ઉપલબ્ધ કરીએ.

સહી/-
શ્રીમતિ મેનકા સંજય ગાંધી

**વી. સોમસુંદરમ્**

**સચિવ**
મહિલા અને બાળવિકાસ મંત્રાલય
ભારત સરકાર,
શાસ્ત્રીભવન, નવી દિલ્હી-૧૧૦૦૦૧
તા.૨૭ એપ્રિલ, ૨૦૧૬

# સં દે શો

## ચાલો ! એક ગૃહને દત્તક લઈએ

## એક ગૃહને દત્તક લેવાથી નાનાં ભુલકાંઓના જીવનમાં બદલાવ લાવી શકાશે.

મહિલા અને બાળવિકાસ મંત્રાલયે **'ચાલો ! એક ગૃહને દત્તક લઈએ'** નામના કાર્યક્રમનો પ્રારંભ કર્યો છે, જે અંતર્ગત કોર્પોરેટક્ષેત્ર, વ્યાવસાયિક ગૃહ કે વ્યક્તિઓને બાળગૃહોમાં વસતાં બાળકોને સહયોગ ઉપલબ્ધ કરવા માટે આમંત્રિત કરાયા છે.

જિલ્લા કક્ષાએ **''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** એ કાર્યક્રમના સંકલન, સુવ્યવસ્થાપન અને અમલીકરણના સુનિયંત્રણ માટે જિલ્લા મેજીસ્ટ્રેટ હવાલો સંભાળશે.

કોર્પોરેટ ક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહો/ સંગઠનો માટે સાથે મળીને કામ કરવા માટેનાં લક્ષિત ક્ષેત્રો કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અનુસૂચિ VI અને VII માં કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)ની માર્યદર્શિકામાં સુચવવામાં આવેલાં છે. આ માટેના નાણા ભંડોળનો ઉપયોગ વ્યક્તિગત કોર્પોરેટ સામાજિક જવાબદારી નીતિમાં તેમજ યોજનાઓમાં પ્રતિબિંબિત થશે.

**'ચાલો ! એક ગૃહને દત્તક લઈએ'** કાર્યક્રમ તેમજ રાજ્ય અને કેન્દ્ર સરકાર (મહિલા અને બાળ વિકાસ મંત્રાલય) ના ભાગીદારો સાથે નિયમિત પ્રગતિ અહેવાલોની આપ-લે કરવામાં આવશે. તેની સામે, કોર્પોરેટ ક્ષેત્ર/ વ્યાવસાયિક ગૃહ / સંગઠન / વ્યક્તિઓને, રાજ્ય સરકાર તરફથી મળેલી માહિતીના આધાર પર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તરફથી, બાળગૃહમાં તેઓએ આપેલા પ્રદાન બદલ પ્રશસ્તિ પ્રમાણપત્ર આપવામાં આવશે.

સરકાર સાથેની સામુદાયિક ભાગીદારીના દ્દષ્ટાંતરૂપ આ પહેલ નાનાં ભુલકાંઓના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવામાં સહાયક બનશે એવી મને શ્રધ્ધા છે.

સહી/- વી. સોમ સુંદરમ્

## 'ચાલો ! એક ગૃહને દત્તક લઈએ' કાર્યક્રમ

## એક ગૃહને દત્તક લઈ નાનાં બાળકોનાં જીવનમાં બદલાવ લાવો

(૧) **પરિચય :**

**કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૩૫માં કંપનીની કોર્પોરેટ સામાજિક જવાબદારીની વિગતો દર્શાવવામાં આવી છે**

**''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** કાર્યક્રમ એ માન્યતા પર આધારિત છે કે સમુદાય જયારે તેના તમામ સભ્યોની જવાબદારીનો સ્વીકાર કરે છે ત્યારે તે સમુદાય સમૃધ્ધ બને છે. મંત્રાલય આ કાર્યક્રમનો અમલ કરવાનું અને તેમાં સંગઠનો, કોર્પોરેટ/વ્યાવસાયિક ગૃહો અને વ્યક્તિઓનો સહયોગ મેળવવાનું ધ્યેય રાખે છે જેમને બાળકો અને પરિવારો સાથે ગાઢ કાર્ય-સંબંધો છે અને જેમને તેમના પ્રત્યે પ્રતિબધ્ધતા છે. ભારતીય વ્યાપારી ક્ષેત્ર સમુદાયને સુદ્દઢ બનાવવા માટે વિવિધ પ્રકારે સામાજિક જવાબદારીઓની તરાહ નિભાવે છે. આ ક્ષેત્રે ઉપયોગમાં લઈ શકાય તેવી માનવીય અને આર્થિક ઊર્જા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે પરંતુ તે ઊર્જાને વહન કરવા માટે સુયોગ્ય વ્યવસ્થાશક્તિ કામે લગાડવી જરૂરી છે; જે માટે સરકારે, કોર્પોરેટ ક્ષેત્રએ અને સમુદાયે સાથે મળીને કામ કરવું જરૂરી છે.

**''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** કાર્યક્રમ આવાં બાળગૃહોમાં વસતાં બાળકોના જીવનને અર્થસભર બનાવવા માટે વ્યાપારી સમુદાયને, નાગરિક સંગઠનોને તેમજ વ્યક્તિગત દાતાઓને એક વિશિષ્ટ તક પૂરી પાડે છે. જે બાળકોએ પોતાનાં સગાં માતાપિતા ગુમાવ્યાં છે અને જેમણે પોતાના ઘરબાર ગુમાવ્યાં છે તેવાં કમનસીબ બાળકો, જેઓ અવિરતપણે નકારાત્મક અસરનો ભોગ બની રહેલ છે તેમને એક સલામતીભર્યું અને સંપોષક વાતાવરણ ઉપલબ્ધ કરવા માટેની આ એક વિશિષ્ટ તક છે. આ કાર્યક્રમ થકી આવા આઘાતજનક અનુભવોની તીવ્રતા ઘટાડી શકાશે.

**કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અનુસૂચિ VI અને VII હાથ ધરવાપાત્ર પ્રવૃત્તિઓની વિગતો દર્શાવે છે.**

૧.૧ આવા ગૃહોમાં વસતાં બાળકોમાં પ્રેમ, આશા, મૈત્રી, વિશ્વાસ અને સુવિધાનો સંચાર કરવા માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય કોર્પોરેટ ક્ષેત્ર, વ્યાવસાયિક ગૃહો અને વ્યક્તિઓને આમંત્રિત કરે છે. તમે એક બાળગૃહ હસ્તક લઈને તમારા જિલ્લામાં બાળગૃહોની શૃંખલાનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની શકો છો.

**''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ''** કાર્યક્રમમાં ભાગ લેવાથી કોર્પોરેટ ગૃહોને, વ્યાવસાયિક ગૃહોને તેમજ વ્યક્તિઓને આવાં ગૃહોમાં વસતાં બાળકોની જરૂરિયાતો સંતોષવાની અને તે પ્રકારે સંભાળ અને

સુરક્ષાની જરૂરિયાતવાળાં બાળકોને સહાય ઉપલબ્ધ કરવાની તક મળશે. આ એક એવી તક છે જેમાં તમારી ક્ષમતાનો ઉપયોગ તમે તેમનાં જીવન અને તેમનાં હૃદયમાં પરિવર્તન લાવવામાં તેમજ તેમનાં સ્વપ્ન સાકાર કરવા માટે માર્ગદર્શક બની શકશો.

**''ચાલો ! એક ગૃહ દત્તક લઈએ''** કાર્યક્રમ થકી તમારો સહયોગ તેમના ભૌતિક, ભાવનાત્મક, બૌધ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસ તથા તેમની સલામતી અને તેમનાં ક્ષેમકુશળને આગળ ધપાવશે અને તેઓને તેમની સંપૂર્ણ ક્ષમતા અનુસાર આગળ ધપવા માટે પ્રોત્સાહન પૂરું પાડશે. વળી, આ કાર્યક્રમમાં ભાગ લેવાથી તમે તમારા ભૌતિક અને નાણાકીય સહયોગનું સાચું મૂલ્ય પિછાની શકશો અને તમારા ભાવનાશીલ સહયોગનાં હકારાત્મક પરિણામો નજરે જોઈ શકશો.

**અમારું ધ્યેય છે સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળાં બાળકોને સહાયભૂત બનવાનું. જે બાળકો અસુરક્ષિત છે અને જેમને તમારા સહયોગની જરૂર છે તેવાં બાળકોને સહાય કરવા માટે આપણે સૌ સાથે મળીને કાર્ય કરીએ તો કંઈપણ કરવાનું શક્ય છે.**

**અમારું લક્ષ્ય છે કે બાળગૃહોમાં વસતાં બાળકોને, તેમની સમગ્ર સલામતી અને ક્ષેમકુશળતા માટે પ્રયાસો કરતી વખતે તેમને સ્વાતંત્ર્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં તકો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું.**

**આવાં બાળગૃહો પૈકી એકાદ બાળગૃહમાં વસતાં બાળકોના જીવનમાં બદલાવ આવી શકે તે કાર્ય પરિપૂર્ણ કરવા માટે કોર્પોરેટ ક્ષેત્ર અને વ્યક્તિઓને એક સફરયાન ઉપલબ્ધ કરવાનું અમારું મિશન છે. દરેક બાળક પોતાની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચે તે માટે તેને જરૂર છે પ્રેમની અને હૂંફાળી સારસંભાળની.**

**૨. કોર્પોરેટ ગૃહો અને વ્યાવસાયિક ગૃહો :**

'એક સરસ કોર્પોરેટ નાગરિકત્વની દૃષ્ટિએ' કોર્પોરેટ ગૃહોએ, પોતાનાં ત્વરિત ધંધાકીય હિતોથી ઉપર ઉઠીને પોતાની કોર્પોરેટ સામાજિક જવાબદારીની નીતિ અંતર્ગત; રાજયોએ સ્થાપેલાં અને મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા નાણાકીય રીતે નિભાવાતાં બાળગૃહોમાં વસતાં દુ:ખી બાળકોના જીવનમાં સકારાત્મક બદલાવ લાવવા માટે આગળ આવવું આવશ્યક છે. આ કાર્યક્રમ રાજયોના પ્રયાસોમાં પૂરક સ્વરૂપે છે અને તે અંતર્ગત પોષક આહાર, પીવાનું શુધ્ધ પાણી, પાયાની આરોગ્ય સુવિધાઓ તેમજ સુવા માટેની પથારી પણ ઉપલબ્ધ કરવાની છે. વ્યાવસાયિક ગૃહો માટે આ નાનકડાં બાળકોના જીવનમાં બદલાવ લાવવા માટેની એક સુવર્ણતક છે. બાળકોની નિયમિત પ્રગતિથી મળતો સંતોષ તમારા સ્મિતને સુગંધથી ભરી દેશે.

**૨.૧ કંપનીઝ એકટ ૨૦૧૩ની અનુસૂચિ VI અને VII અંતર્ગતની કોર્પોરેટ સામાજિક જવાબદારી અંગેની માર્ગદર્શિકા અનુસાર ''ચાલો ! એક ગૃહને દત્તક લઈએ'' કાર્યક્રમ નીચે કોર્પોરેટ ગૃહ/ વ્યાવસાયિક ગૃહ માટેનાં સૂચિત કેન્દ્રવર્તી ક્ષેત્રો**

(૧) બાળગૃહોની ભૌતિક માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવો; જેમાં યોગ્ય પ્રકારનાં આવાસો પણ સમાવિષ્ટ છે (અનુસૂચિ VI-8). આ ઉપરાંત તેમાં બાળ કલ્યાણ સમિતિના કાર્ય માટેના ખંડો તેમજ કચરાના વ્યવસ્થાપનની બાબતો અનુસૂચિ-VI - ૫ (ઇ); તથા સૌર ઊર્જા અને વરસાદી પાણીના સંગ્રહની બાબતો પણ સમાવિષ્ટ છે.

(૨) બિન-ઔપચારિક, સુધારણાત્મક શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ ઉપલબ્ધ કરવી; જેથી તેઓ સમાજના હિસ્સારૂપ બની શકે. આ ઉપરાંત પશ્ચાતસંભાળ કાર્યક્રમ હેઠળનાં બાળકોને પણ આવરી લેવાં (અનુસૂચિ VII - (ii અને vii)

(૩) જરૂરિયાતવાળાં બાળકોને ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરવી. (અનુસૂચિ VII (ii))

(૪) નાણાકીય સાક્ષરતા અને નાણાકીય સેવાઓનું સમાવેશન. સ્વ-રોજગાર માટે ધીરાણ અને સાધન-સામગ્રી. (અનુસૂચિ VII - (vii))

(૫) રમતગમતનાં સાધનો, ઑડિટોરિયમ, નાટ્ય, કલાકક્ષ (અનુસૂચિ VI - (સી)

(૬) બાળગૃહોની આરોગ્ય સંભાળ માટે સહયોગ, ઉપશામક બાળ સંભાળ સેવાઓ, નશામુક્તિ અને કેફી દ્રવ્યોના દુરુપયોગ અંગેની સારવાર, એચઆઈવી એઈડ્સની સારવાર (અનુસૂચિ VII (V)

(૭) ખાસ જરૂરિયાતવાળાં બાળકોના ગૃહોને સહયોગ (તેને અનુસૂચિ VI - 8 નીચે આવરી લઈ શકાય)

(૮) કુદરતી આપત્તિ સમયે મનોવૈજ્ઞાનિક / સામાજિક / આર્થિક સહયોગ (અનુસૂચિ VII (9,ઈ).

**૨.૨ સૂચિત વધારાની પ્રવૃત્તિઓ :**

(૧) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) અધિનિયમ, ૨૦૧૫ નીચે કાયદા સાથે સંઘર્ષમાં આવેલા કિશોરોના પુનઃસ્થાપન અને પુનઃવસનના ભાગરૂપે તેમને સામુદાયિક સેવાઓ માટેની તક ઉપલબ્ધ કરવી.

(૨) કાઉન્સેલિંગ તથા માનસિક સ્વાસ્થ્ય માટેની સુવિધાઓ

(૩) બાળગૃહોના કર્મચારીગણ માટે ક્ષમતાનિર્માણ કાર્યક્રમો

(૪) દત્તક વિધાન અને પાલક માતાપિતા સંભાળ કાર્યક્રમ માટે હિમાયત (એડવોક્સી) તેમજ જાતીય દુરુપયોગના કેસોની અટકાયત અને ઓળખ તથા જિલ્લામાં બાળસુરક્ષાના અન્ય કોઈપણ કાર્યક્રમ માટે હિમાયત

(૫) રમતગમત અને નાટ્ય સ્પર્ધાઓનું આયોજન અને સહયોગ

(૬) એવોર્ડસ/ શિષ્યવૃત્તિઓ / ઈનામ-પ્રશસ્તિ પારિતોષિક વગેરે જાહેર કરવાં

(૭) બાળકો વયસ્ક બને તેમ તેમ તેમને માટે પ્લેસમેન્ટની તકો ઉપલબ્ધ કરવી, ભાવિ રોજગારી માટે તકો ઉપલબ્ધ કરવી.

(૮) બાળકલ્યાણ અને બાળ સુરક્ષાનાં વિવિધ ક્ષેત્રે પોતાનાં કૌશલ્ય અને તજજ્ઞતા નિયમિતપણે ઉપલબ્ધ કરી શકે તેવી ટૂકડીઓ તૈયાર કરવી.

**૨.૩ કોર્પોરેટ ગૃહો / વ્યાવસાયિક ગૃહો / સંગઠનોને શું લાભ ?**

(૧) **"ચાલો ! એક ગૃહ દત્તક લઈએ"** કાર્યક્રમમાં ભાગ લેવાથી કોર્પોરેટ ગૃહો; વ્યાવસાયિક ગૃહો અને વ્યક્તિઓ માટે રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનવાનાં દ્વાર ખુલી જશે અને તે થકી તેઓ સંભાળ અને સુરક્ષાની જરૂરિયાતવાળાં બાળકોના ભૌતિક, ભાવનાત્મક, બૌધ્ધિક, સામાજિક અને નૈતિક વિકાસ તથા તેમની સલામતી અને ક્ષેમકુશળતા વડે તે બાળકોના જીવનમાં બદલાવ લાવી શકશે.

(૨) બાળગૃહ માટે કોર્પોરેટ ગૃહો/વ્યાવસાયિક ગૃહો / સંગઠનો દ્વારા ફાળો આપવામાં આવતાં તેમને, રાજય સરકાર દ્વારા મળેલી માહિતીને આધારે ભારત સરકાર દ્વારા તેના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય મારફતે પ્રશસ્તિ પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૩) આ ભંડોળનો ઉપયોગ વ્યક્તિગત કોર્પોરેટ સામાજિક જવાબદારીની નીતિમાં તેમજ યોજનામાં પ્રતિબિંબિત થશે.

(૪) તેઓના દ્વારા કરવામાં આવેલી સહાય સંબંધિત કોર્પોરેટ ક્ષેત્રને સમયાંતરે અહેવાલો પ્રાપ્ત થશે. વળી તેઓને ગૃહની મુલાકાત લેવાની તેમજ બાળકો સાથે વાતચીત કરવાની તેમજ તેમને માર્ગદર્શન પૂરું પાડવાની તક મળશે. પોતાના ઉદ્યોગ સંબંધિત પણ તેમને જ્ઞાન આપી શકશે તેમજ યોગ્ય જણાય તેવા તેમજ રસ ધરાવતા બાળકોને પોતાના સાહસમાં જોડાવા માટે પણ નક્કી કરી શકશે.

**(૩) વ્યક્તિગત પરોપકારી દાતાઓ :**

મંત્રાલય વ્યક્તિઓને પણ, તેઓ જો બાળગૃહમાં રહેલાં બાળકો પૈકી કોઈને સ્પોન્સર કરવા ઈચ્છતા હોય તો તેમને તેમની કોઈ વિશિષ્ટ જરૂરિયાત ધ્યાનમાં લઈને પ્રોત્સાહિત કરે છે અને તે પ્રકારે તેમને જે-તે બાળકના વયસ્ક મિત્ર બનવાની અથવા જેમને પરિવાર નથી તેમને માટે પરિવાર ઉપલબ્ધ કરી આપવાની તક પૂરી પાડે છે.

### ૩.૧ સૂચિત પ્રવૃત્તિઓ :

પરોપકારી વ્યક્તિઓ સ્વૈચ્છિક સેવા સ્વરૂપે / રોકડ સ્વરૂપે / ચીજવસ્તુ સ્વરૂપે નીચેની સૂચિત પ્રવૃત્તિઓ માટે પોતાનો સહયોગ આપી શકે :

(૧) બાળગૃહોની ભૌતિક માળખાકીય સુવિધાઓ તેમજ યોગ્ય આવાસોની સુધારણા તેમાં બાળ કલ્યાણ સમિતિના કાર્ય માટેના ખંડનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત ઘન કચરાનું વ્યવસ્થાપન, સૌર-ઊર્જા અને વરસાદી પાણીનો સંગ્રહ વગેરે.

(૨) બાળકોને બિન-ઔપચારિક, સુધારણાત્મક શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ ઉપલબ્ધ કરવાં જેથી તેઓ સમાજના હિસ્સારૂપ બની શકે. આ ઉપરાંત પશ્ચાત સંભાળવાળાં બાળકોને પણ આવરી લઈ શકાય.

(૩) જરૂરિયાતવાળાં બાળકોને માટે ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરવી.

(૪) બાળગૃહોમાં મુલાકાતી તબીબ તરીકે આરોગ્ય સંભાળ સેવા ઉપલબ્ધ કરવા દ્વારા સેવા આપવી.

(૫) વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકો માટે સહયોગ ઉપલબ્ધ કરીને સ્વૈચ્છિક સેવા આપવી.

(૬) કાઉન્સેલિંગ તથા માનસિક સ્વાસ્થ્ય સહયોગ તેમજ આપત્તિકાળ પછીનો મનોવૈજ્ઞાનિક સહયોગ

(૭) એવોર્ડ્સ/ શિષ્યવૃત્તિ/ઈનામ-અકરામ કે પારિતોષિક જાહેર કરવાં

### ૩.૨ વ્યક્તિગત પરોપકારી દાતાને શું લાભ ?

**'ચાલો ! એક ગૃહ દત્તક લઈએ'** કાર્યક્રમના સહયોગી તરીકે તમને :

(૧) તમારા નાણાકીય સહયોગના નક્કર ઉપયોગની માહિતી પ્રાપ્ત થશે.

(૨) બાળગૃહ માટે તમારા સહયોગ બદલ, રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત માહિતીના આધાર પર,ભારત સરકાર દ્વારા તેના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તમને પ્રશસ્તિ પ્રમાણપત્ર આપશે.

(૩) સંબંધિત સત્તાતંત્રની યોગ્ય મંજૂરી મેળવીને તમને ગૃહની મુલાકાત લેવાની તેમજ બાળકો સાથે વાતચીત કરવાની તેમજ તેમના માર્ગદર્શક બનવાની તક પ્રાપ્ત થશે.

(૪) તમે જે પ્રવૃત્તિ માટે સહયોગ પ્રદાન કરી રહ્યા છો તે માટે ગૃહ દ્વારા તમને નિયમિત પ્રગતિ અહેવાલ મળતા રહેશે.

(૫) એક પરોપકારી દાતા તરીકે તમે જે વ્યક્તિગત બાળકો માટે સહયોગ પ્રદાન કરી રહ્યા છો તેનો નિયમિત પ્રગતિ અહેવાલ તમને મળતો રહેશે.

(૬) બાળકો માટે તમે આવશ્યક ચીજવસ્તુઓ કાર્ડ, ભેટ-સોગાદ, ફોટોગ્રાફ, દવાઓ, રમતગમતનાં સાધનો વગેરે કેવી રીતે મોકલી શકો તેની માહિતી તમને મળી શકશે.

(૪) બધાં જ બાળકો કંઈ એક સમાન જૂથનાં નથી. દરેકની જરૂરિયાતો જુદી જુદી છે અને તે માટેના માર્ગ પણ અલગ-અલગ છે. વિશેષ કરીને જુદા જુદા સંજોગોમાં બાળકો જે બહુવિધ-પરિમાણયુક્ત અસુરક્ષિતા અનુભવી રહ્યા છે તે સંદર્ભમાં આ બાબત સમજવી જરૂરી છે. બાળકોના સર્વાંગી વિકાસ અને સુરક્ષા માટે લંબાગાળાનો સાતત્યપૂર્ણ, બહુ-ક્ષેત્રીય, સંકલિત અને સમાવેશક અભિગમ જરૂરી છે. આપના રસના ક્ષેત્રને અનુરૂપ, આપની તજજ્ઞતા અને નાણાશક્તિને અનુરૂપ કોઈપણ ઉપરના ફકરામાં જણાવ્યા પૈકીની બાબત માટે આપ સહયોગ ઉપલબ્ધ કરવા માટે વિચારણા કરી શકે છે.

**કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળના ખર્ચ માટે સુયોગ્ય એવી પ્રવૃત્તિઓની સંપૂર્ણ પૂર્વધારણા કરવાનું લગભગ અશક્ય છે. આથી, કોર્પોરેટ સામાજિક જવાબદારી જાહેર હેતુ માટે છે અને તે જાહેર ક્ષેમકલ્યાણને પોષક છે.**

**(૫) સરકારી વિભાગ / મંત્રાલયની ભૂમિકા :**

૫.૧ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, રાજય સરકાર મારફત જિલ્લા મેજિસ્ટ્રેટને **"ચાલો ! એક ગૃહને દત્તક લઈએ"** કાર્યક્રમ અંતર્ગત જે-તે જિલ્લા માટે હવાલો ધરાવતા અધિકારી તરીકે નીચેના હેતુ માટે જાહેર કરશે :

(૧) ભાગ લેવા ઈચ્છુક કોર્પોરેટ ગૃહ / વ્યાવસાયિક ગૃહ / સંસ્થા-સંગઠન / વ્યક્તિઓના સંકલન, વ્યવસ્થાપન અને સહયોગ માટે

(૨) કાર્યક્રમ અંતર્ગત બાલગૃહ અથવા વ્યક્તિગત બાળકની પસંદગી માટે

(૩) કાર્યક્રમની પ્રગતિ સુનિશ્ચિત કરવા તેમજ તેના અદ્યતનીકરણ માટે

(૪) કાર્યક્રમના અમલની સમયાંતરે સમીક્ષા કરવા માટે

૫.૨ રાજય સરકાર, **'ચાલો ! એક ગૃહને દત્તક લઈએ'** કાર્યક્રમની વિગતો વર્ષમાં એક વખત મંત્રાલયને તેમના સંબંધિત પ્રાયોજના મંજૂરી બોર્ડ (PAB) ની બેઠક સમયે રજૂ કરશે. મંત્રાલય કક્ષાએ પ્રાયોજના મંજૂરી બોર્ડ (PAB) ની બેઠક માટે તૈયાર કરવામાં આવેલ નમુનામાં તેને સામેલ કરવામાં આવશે.

૫.૩ PAB બેઠકમાં રજૂ કરવામાં આવેલી વિગતોના આધાર પર, કોર્પોરેટ ક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહો / સંગઠનો / વ્યક્તિઓ / પરોપકારી વ્યક્તિગત દાતાઓને વાર્ષિક એવોર્ડ વિતરણ કાર્યક્રમ સમયે પ્રશસ્તિ પ્રમાણપત્રો જારી કરવામાં આવશે.

**(૬) જિલ્લા કક્ષાએ કાર્યક્રમના અમલની તંત્ર વ્યવસ્થા :**

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ પોતાના જિલ્લામાં આવેલાં બાળગૃહો પાસેથી કોઈ અમુક પ્રવૃત્તિ માટે અથવા ગૃહમાં આવશ્યક સેવાઓ માટે સહયોગ મેળવવા સંબંધિત વિગતવાર દરખાસ્તો મંગાવશે.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા બાળસુરક્ષા અધિકારી (DCPO) ના સહયોગમાં રહી, કોર્પોરેટ ગૃહો/ વ્યાવસાયિક ગૃહો માટે કે વ્યક્તિગત ધોરણે કોઈ એક ચોક્કસ બાળક માટે અથવા તો ગૃહનાં બાળકોના કોઈ જૂથ માટે અથવા સ્પોન્સરશીપ માટે કોઈ એક કે બહુવિધ પ્રવૃત્તિઓ માટે સ્પષ્ટપણે નીતિ નક્કી કરશે.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટ કોર્પોરેટ ક્ષેત્ર કે વ્યક્તિઓને આમંત્રિત કરવા માટે અખબારમાં જાહેરાત પ્રસિધ્ધ કરશે.

(૪) આ કાર્યક્રમ માટેનો સમયગાળો, આ કાર્યક્રમમાં ગૃહના કયા કર્મચારીગણ સામેલ થશે તે વિગતો, તેમજ કોર્પોરેટ ગૃહ / વ્યાવસાયિક ગૃહ કે વ્યક્તિનાં નામ તે નક્કી કરશે.

(૫) આ બધું સમજૂતિના કરાર (MOU) ઉપર સહી કરવાથી થઈ શકે; જેમાં ચોક્કસ સમયગાળા માટેની શ્રેણીબધ્ધ સેવાઓને આવરી લેવામાં આવી હોય અથવા અમુક ચોક્કસ સમયગાળા માટે ચોક્કસ પ્રવૃત્તિ હાથ ધરવા માટેનો કરાર કરવામાં આવ્યો હોય.

(૬) જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજય સરકારની યોગ્ય મંજૂરીથી આ બાબતે સમજૂતિ કરાર (MOU) માં સહીસિક્કા કરશે.

(૭) સમજૂતિ કરાર (MOU) માં શરતો અને બોલીઓ સ્પષ્ટપણે વ્યાખ્યાયિત પક્ષોને તે પરસ્પર સ્વીકાર્ય હોવી જોઈએ. આવા સમજૂતી કરારનો સૂચિત નમૂનો સામેલ રાખવામાં આવેલ છે.

(૮) કાર્યક્રમ અંતર્ગત હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓની જાણ જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) ને તેમજ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવેલ ગૃહોને જિલ્લા મેજિસ્ટ્રેટને જરૂરી જણાય તે મુજબ કરવામાં આવશે.

(૯) આ કાર્યક્રમ અંતર્ગત પ્રાપ્ત થયેલ નાણાકીય સહયોગ અથવા ચીજવસ્તુ સ્વરૂપે પ્રાપ્ત થયેલ આઈટમ અથવા હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓની અલગ નોંધ જિલ્લા બાળસુરક્ષા એકમ (DCPU)/ ગૃહના અધિક્ષક નિભાવશે.

(૧૦) **'ચાલો એક ગૃહને દત્તક લઈએ'** કાર્યક્રમ અંતર્ગત તેના સહયોગીઓ સાથે, જે જે એક્ટ, ૨૦૧૫માં

નિયત થયા પ્રમાણે તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે નિયત કરેલ યોગ્ય કાર્યપદ્ધતિ અનુસરીને, નિયમિત પ્રગતિ અહેવાલો મોકલી આપ-લે કરાશે.

(૧૧) બાળગૃહોના વ્યવસ્થાપન માટે ઉપલબ્ધ કરવામાં આવતી આઈસીપીએસ (સંકલિત બાળ સુરક્ષા યોજના) હેઠળની રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાતી સહાય ચાલુ રહેશે.

*બાળકોના મનોવૈજ્ઞાનિક, સામાજિક અને આર્થિક દરજ્જામાં સતત સુધારણા માટે ફાળવવામાં આવતા રોકાણ ઉપર જ સવિશેષ ઝોક આપવાની જરૂર છે, કારણ કે ખર્ચ તે હેતુથી જ કરવામાં આવી રહેલ છે.*

## પ્રશસ્તિ પ્રમાણપત્રનો નમુનો

# મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી

# પ્રશસ્તિ પ્રમાણપત્ર

આથી ................................................ (કોર્પોરેટ હાઉસ / વ્યાવસાયિક ગૃહ / સંગઠન કે વ્યક્તિનું નામ) ને .....................(બાળગૃહનું નામ અને સરનામું) ને **"ચાલો ! એક ગૃહને દત્તક લઈએ"** કાર્યક્રમ અંતર્ગત ...................... (સમયગાળો) માટે સહયોગ ઉપલબ્ધ કરવા માટે આ પ્રશસ્તિ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**સચિવ**
મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલય
(સહી અને સિક્કો)

**જિલ્લા મેજિસ્ટ્રેટ**
(સહી અને સિક્કો)

# સમજૂતિનો કરાર MOU (નમુનો)

............. જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ (જેને હવે પછી પ્રથમ પક્ષકાર તરીકે ઓળખવામાં આવશે) અને .................. નામના કોર્પોરેટ ગૃહ / વ્યાવસાયિક ગૃહ) સંગઠન / વ્યક્તિ (જેમને હવે પછી બીજા પક્ષકાર તરીકે ઓળખવામાં આવશે) તેમની વચ્ચેનો સમજૂતિનો કરાર (MOU)

**(૧) ઉદ્દેશ :**

- પરસ્પર એ બાબત પર સંમત થવા માટે કે બંને પક્ષો એક બીજા સાથે આ સમજૂતિ કરારની પ્રત્યેક કલમો સાથે બંધાયેલાં છે.
- બાળગૃહોમાં વસતા બાળકોને માટે હાલની સુવિધાઓ અને સેવાઓને બહેતર બનાવવા માટે વધારાનાં સંસાધનો પ્રાપ્ત કરવા માટે (તેમાં ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ/ નાણાકીય સહયોગ અને અન્ય સામગ્રીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો)
- સામુદાયિક સહયોગ ઉભો કરવા માટે અને પ્રત્યેક બાળક, તથા જો તેનું કુટુંબ હોય તો તેને માટે પણ વિશિષ્ટ સુઝાવ બનાવવા માટે ટીમ-આધારિત યોજના વિકસાવવા માટે (તેમાં ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ/ નાણાકીય સહયોગ અને અન્ય સામગ્રીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો)
- બાળકોને ભવિષ્યની આશા માટેની લકીર શોધવામાં તેમજ તેમના જીવનમાં નવી શક્યતાઓ શોધવામાં મદદ કરવા માટે તેમજ તેઓ સમાજના ઉપયોગી ઉત્પાદક સભ્ય બની રહે તે રીતે સમાજમાં સંમિલિત થવામાં તેમને મદદ કરવા માટે (તેમાં ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિઓ/ નાણાકીય સહયોગ અને અન્ય સામગ્રીનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો).

**(૨) સમજૂતિના કરારને આવરી લેતી માર્ગદર્શિકા :**

- બંને પક્ષો દ્વારા હાથ ધરવામાં આવતી સહયોગી પ્રવૃત્તિઓમાં, સમજૂતિ કરારમાં શું સમાવિષ્ટ છે અને શું સમાવિષ્ટ નથી તે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવું. આ સંદર્ભે જે અમુક ક્ષેત્રો પરત્વે ધ્યાન આપવાપાત્ર છે તેમાં કયા કયા સંજોગોમાં આ સમજૂતિ કરાર લાગુ પડે છે કે લાગુ પડતો નથી; અથવા શું તે સમગ્ર કોર્પોરેટ ક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહો / સંગઠનોને લાગુ પડે છે કે માત્ર તેના અમુક અંશોને અથવા શું તે અમુક સ્થાનોને જ લાગુ પડે છે અથવા શું અમુક પ્રવૃત્તિઓને જ લાગુ પડે છે વગેરે બાબતો સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવી.
- સંયુક્ત કાર્યવાહી તેમજ દરેક પક્ષની જવાબદારીઓ :

  (અ) સમજૂતિ કરાર નીચે દરેક પક્ષ માટે સહયોગી પ્રવૃત્તિઓનું વર્ણન

(બ) સંસાધનોના વિનિમયની વ્યવસ્થા સંબંધિત વર્ણન

(ક) સમય મર્યાદાનું સ્પષ્ટ વિધાન, દરેક કાર્ય માટે સંબંધિત સમયગાળો અને પ્રાપ્ત કરવાના સીમાસ્થંભો (માઈલસ્ટોન્સ)

(ડ) પક્ષો વચ્ચે સંવાદ સાધવા અંગેની પદ્ધતિ

- સમજૂતિ કરારના સંચાલન માટેની શરતો :

(અ) જરૂર જણાય તો કરાર રદ કરવા માટેની જોગવાઈ

(બ) સમજૂતિ કરારની સમીક્ષાની પ્રક્રિયા

(ક) વિવાદોનો ઉકેલ; જેમાં કાનૂની કાર્યવાહી, વાટાઘાટો, પરામર્શન અને વહીવટી કાર્યવાહીનો સમાવેશ કરી શકાય કે ન પણ કરી શકાય.

(ડ) કઈ કલમો રદ કરવી તેમજ સમજૂતિ કરારની અંદર બેઉ પક્ષોના હકો સમાવી લેવા.

- જિલ્લા કક્ષાએ, જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) ને તમામ બાળ સુરક્ષા સંબંધિત કાયદાઓ, યોજનાઓ અને સેવાઓના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટના નેતૃત્વ નીચે, નોડલ એકમ બનાવવામાં આવેલ છે. આ સમજૂતિ કરારમાં પ્રથમ પક્ષકાર તરીકે ખુદ જિલ્લા મેજિસ્ટ્રેટ સહી કરશે અને બીજા પક્ષકાર તરીકે જે તે કોર્પોરેટક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહ / સંગઠનના વડા અથવા વ્યક્તિગત કિસ્સામાં વ્યક્તિ પોતે સહી કરશે.

- સદર કોર્પોરેટ ક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહ / સંગઠન કે વ્યક્તિ દ્વારા જે સહયોગ પૂરો પાડવામાં આવશે તે સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) નીચે બાળગૃહોને પૂરા પાડવામાં આવતા નાણાકીય સહયોગની ઉપરનો વધારાનો સહયોગ હશે.

- કોર્પોરેટક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહ કે વ્યક્તિ દ્વારા હાથ ધરવામાં આવનાર કોઈ એક કે અનેક પ્રવૃત્તિઓ અથવા કોઈ એક પ્રવૃત્તિ માટે ઉપલબ્ધ કરવામાં આવનાર નાણાકીય સહયોગ અથવા ગૃહના કોઈ એક જ બાળક માટેની કે તેવાં બાળકોના જૂથ માટેની સ્પોન્સરશીપ વગેરેનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો રહેશે.

- ચોક્કસ સમયગાળો, ગૃહમાંથી સામેલ કોઈ કર્મચારી કે કર્મચારીઓની વિગતો તેમજ કોર્પોરેટ ક્ષેત્ર / વ્યાવસાયિક ગૃહ કે વ્યક્તિ તરફથી સામેલ કોઈ કર્મચારી/કર્મચારીઓ વગેરેનો ઉલ્લેખ સ્પષ્ટપણે દર્શાવવાનો રહેશે.

- કોઈ એક જ સમય માટે હાથ ધરવાનું કાર્ય અથવા લાંબા ગાળા માટે હાથ ધરવાના કાર્ય માટેની દરખાસ્ત સ્પષ્ટપણે તબક્કાવાર દર્શાવવાની રહેશે.

- હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ / કાર્યક્રમ અંતર્ગત થયેલી પ્રગતિ / બાળકોની પ્રગતિ સંબંધિત અહેવાલોની આપ-લે માટેનો સમયગાળો પણ સ્પષ્ટપણે દર્શાવવાનો રહેશે.

- પક્ષકારો જરૂર પ્રમાણે સક્ષમ સત્તાતંત્ર પાસેથી આવશ્યક મંજૂરીઓ લેવા માટે જવાબદાર ગણાશે.
- સમજૂતિ કરારનો સમયગાળો તેમજ તે પૂરો થયાની તારીખ દર્શાવવાની રહેશે તેમજ જે પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે તે ધ્યાનમાં રાખીને, તે બંને પક્ષકારોને સ્વીકાર્ય હોવી જોઈએ.
- જરૂર જણાય તો સમજૂતિ કરારની મુદત લેખિત સુધારા દ્વારા અથવા લેખિત અન્ય કરાર દ્વારા, આ સમજૂતિ કરારમાં સમાવિષ્ટ બાબતોને આધીન રહીને વધારી શકાશે.
- સંબંધિત સત્તાતંત્રની પૂર્વ મંજૂરી વિના કોઈ અસ્કયામતો ઊભી કરવામાં આવશે નહિ તેમજ કાર્યક્રમની કોઈ વિગતો તેમજ બાળકોના ફોટોગ્રાફ કોઈપણ હેતુ માટે છાપી શકાશે નહિ.
- તમામ પ્રકારનો પત્રવ્યવહાર માત્ર લેખિતમાં અથવા ઈ-મેઈલ દ્વારા જ કરવામાં આવશે. માત્ર કુદરતી આપત્તિ સિવાય અન્ય કોઈ બાબતમાં કોઈપણ નિર્ણય મૌખિક વાતચીતના આધાર પર લઈ શકાશે નહિ.

(૩) **લવાદી :**

- બંને પક્ષો દ્વારા સંકલિત રીતે તેમજ ઉષ્માપૂર્ણ રીતે કાર્ય કરવાના તમામ પ્રયાસો કરવામાં આવશે; જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે બાળગૃહમાં નિવાસ કરતાં બાળકોને સમજૂતિ કરાર અન્વયે પસંદ કરવામાં આવેલી પ્રવૃત્તિઓના અસરકારક અમલ દ્વારા શ્રેષ્ઠ સેવાઓ ઉપલબ્ધ થાય.
- અસહકાર સંબંધિત કોઈપણ ઘટનામાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગના સચિવ પરસ્પર સ્વીકાર્ય એવો ઉકેલ લાવવા માટેના તમામ પ્રયાસો કરશે.

નીચે પોતાની સહીઓ દ્વારા પક્ષકારોએ આ સમજૂતિ કરાર અમલી બનાવવાનો અને અસરકર્તા તારીખથી અમલમાં મુકવાનો નિર્ધાર કરેલ છે.

કોર્પોરેટ ક્ષેત્ર/વ્યાવસાયિક ગૃહ /
વ્યક્તિવતી અધિકૃત સહી કરનારનું નામ
સહી / સિક્કા
તારીખ :

જિલ્લા મેજિસ્ટ્રેટનું નામ
અધિકૃત સહી કરનાર
સહી / સિક્કા
તારીખ :

આ દસ્તાવેજ મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ જારી કરાયેલ છે.

સહી /-
રશ્મિ સક્સેના સાહની
સંયુક્ત સચિવ